# આકાશવાણી –ભુજ

## સમાચાર વાચક: વિરલ રાણા

## કમ્પ્યુટરરાઈઝ: મીત  ગોર

**તારીખ :૦૮-૦૬-૨૦૨૪** **સમય: સવારે:૬:૫૦**

## NDA મીટીગ - રાષ્ટ્રપતિ

ભાજપના વરિષ્ઠ નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રવિવારે ત્રીજી વખત પ્રધાનમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ રવિવારે સાંજે 6 વાગ્યે રાષ્ટ્રપતિ ભવનમાં યોજાશે. કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોશીએ આજે નવી દિલ્હીમાં એનડીએ સંસદીય દળની બેઠક દરમિયાન આ માહિતી આપી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નરેન્દ્ર મોદી અને તેમના નવા મંત્રીમંડળને શપથ લેવડાવશે.

નવી દિલ્હીમાં યોજાયેલી બેઠક બાદ એનડીએના નેતાઓ આજે રાષ્ટ્રપતિને મળ્યા હતા અને નવી સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો. સરકાર રચવાનો દાવો રજૂ કર્યા બાદ રાષ્ટ્રપતિએ એનડીએને સરકાર રચવાનું આમંત્રણ આપ્યું હતું...

રાષ્ટ્રપતિનું મુલાકાત અગાઉ NDA સંસદીય દળે સર્વસંમતિથી નરેન્દ્ર મોદીને તેના નેતા તરીકે ચૂંટ્યા હતા. નવી દિલ્હીમાં જૂની સંસદ ભવનનાં સેન્ટ્રલ હોલમાં NDA સંસદીય દળની બેઠક દરમિયાન ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે શ્રી મોદીને NDA નેતા તરીકે પસંદ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો  મોદીના નામનો પ્રસ્તાવ મૂકતા રાજનાથ સિંહે કહ્યું કે તેઓ આ પદ માટે સૌથી યોગ્ય વ્યક્તિ છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ અને નીતિન ગડકરીએ દરખાસ્તને સમર્થન આપ્યું હતું.

ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુએ કહ્યું કે, નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે છેલ્લા દસ વર્ષમાં નોંધપાત્ર વિકાસ કર્યો  છે. તેમણે કહ્યું કે, દેશે નોંધપાત્ર પ્રગતિ અને પરિવર્તન જોયું છે. શ્રી નાયડુએ કહ્યું કે ભારત પાસે યોગ્ય સમયે યોગ્ય નેતા છે અને તે નરેન્દ્ર મોદી છે.

નરેન્દ્ર  મોદીના નામને ટેકો આપતા બિહારના મુખ્યમંત્રી અને જેડી (યુ) પ્રમુખ નીતિશ કુમારે કહ્યું કે તેઓ શ્રી મોદીના નેતૃત્વમાં સાથે મળીને કામ કરશે. શ્રી કુમારે કહ્યું, શ્રી મોદીએ દેશની સેવા કરી છે અને જે બાકી રહી છે  તે નવી ટર્મમાં પૂર્ણ કરશે.

આ પ્રસંગે બોલતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, NDA એ સત્તા માટે એકસાથે આવેલા પક્ષોનું જૂથ નથી પરંતુ તે સૌ પ્રથમ રાષ્ટ્રની ભાવના સાથે કામ કરવા માટે પ્રતિબદ્ધ ગઠબંધન છે. તેમણે કહ્યું કે, NDA ભારતના ઈતિહાસમાં સૌથી સફળ ગઠબંધન છે

## ખાતર ગુણવત્તા ચકાસણી ઝુંબેશ

રાજયભરના ખેડૂતોને ગુણવત્તાયુક્ત ખાતર બિયારણ, દવા મળે તે માટે બે દિવસ ખાસ સઘન ચકાસણી ઝુંબેશ યોજાઇ.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેતીવાડી વિભાગને આપેલા સ્પષ્ટ દિશા નિર્દેશે મુજબ ખેતીવાડી વિભાગની રાજયસ્તરની 19 ટીમો અને ક્ષેત્રીય વિભાગની 39 ટીમો દ્વારા વિવિધ જિલ્લાઓનમાં બે દિવસ ખાસ ચકાસણી હાથ ધરાઇ હતી. જેમાં રાજ્યના અલગ-અલગ વિસ્તારોમાં વિવિધ ૫૯ ઉત્પાદકો તેમજ બિયારણના ૮૪૮, ખાતરના ૫૪૭ અને દવાના ૭૫૦ વિક્રેતાઓની ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા લેવાયેલી તપાસણી મુલાકાત દરમિયાન બિયારણના ૫૨૪, ખાતરના ૧૦૫ અને દવાના ૮૨ એમ કુલ ૭૧૧ નમૂના લેવામાં આવ્યા હતા અને રાજ્યની જુદી જુદી માન્ય લેબમાં પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યા હતા.

આ સઘન ચકાસણી ઝુંબેશ દરમિયાન અંદાજે ૬ કરોડ ૧૫ લાખ રૂપિયાનો જથ્થો અટકાવવામાં આવ્યો છે

રાજ્ય સ્તરે અલગ-અલગ ૪૮૩ જેટલી નોટિસ પણ આપવામાં આવી છે.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

---

## હવામાન

રાજયમાં કાળઝાળ ગરમી વચ્ચે ધીમા પગલે ચોમાસાના આગમનની હવામાન વિભાગે આગાહી કરી છે.. હવામાન વિભાગ દ્વારા જાહેરા કરાયેલી આગાહી અનુસાર આવતા સાત દિવસ દરમિયાન મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ વરસે તેવી આગાહી કરી છે.

પ્રાદેશિક સમાચાર / વિરલ રાણા

---

## રાજ્યના અભયારણ્યોમાં - રાષ્ટ્રીય ઉધાનો

ચોમાસા દરમ્યાન પંદરમી જૂનથી પંદર ઓક્ટોબર સુધી ગુજરાતના તમામ અભયારણ્યોમાં અને રાષ્ટ્રીય ઉધાનોમાં પ્રવાસીઓ માટે બંધ રહેશે.

16 ઓક્ટોબરથી તમામ અભયારણ્યો તેમજ રાષ્ટ્રીય ઉદ્યાનો પ્રવાસીઓ માટે રાબેતા મુજબ ચાલુ થશે

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

## અંબાજી મંદિર

રાજયના સુપ્રસિદ્ધ અંબાજી મંદિરમાં ભક્તો દ્વારા અર્પણ કરાયેલું 122 કરોડની કિંમતનું 175 કિલો સોનું મંદિર ટ્રસ્ટ દ્વારા ગોલ્ડ મોનેટાઇજેશન સ્કિમમાં રોકાણ કરવામાં આવ્યું છે. જેના વ્યાજથી મંદિરમાં ભક્તોની સુવિધામાં વધારો થશે.

પ્રાદેશિક સમાચાર/ વિરલ રાણા

---

## જાહેરનામું

કચ્છ જિલ્લામાં  આગામી તા.21-06-24 સુધી કચ્છની સરકારી કચેરીઓ તેમજ જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવાસદને પોતાના કામ □ થેં આવતા નાગરિકોને કોઇ □ ગવડતા ન પડે તથા કાયદો □ ને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે તે માટે  પાબંદી સહિત એક સાથે 3 જાહેરનામા બહાર પડાયા છે.

કચેરીઓ વિગેરેમાં □ ન□ ધિકૃત વ્યક્તિ  તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યક્તિ, ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ □ ધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા લગાવાયો છે.

માહિતી ખાતું /વિરલ રાણા

---